# સંસ્થાના ઉત્તીર્ણ થયેલા તાલીમાર્થીઓની સાફલ્યગાથા

## ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર




Email - prlgandhinagariti@yahoo.co.in

# અનુક્રમણિકા

| અ.નં. | વ્યક્તિનું નામ | ટ્રેડ | નોકરી/ધંધો, ફર્મનું નામ તથા સરનામું | વાર્ષિક આવક (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | અતુલ શંકરભાઇ પટેલ | ફિટર | ધંધો ( ઓમ આનંદ ફેબ્રિકેશન ) ક/૭, માણસા રોડ, ગાંધીનગર | ૧૫ થી ૨૦ |
| ૨ | રાઠોડ અશ્વિન રવજીભાઇ | ડ્રેસ મેકિંગ | ધંધો ( ક્લાસિકલ ડ્રેસ, જેંટ્સ અને લેડિઝ ગારમેન્ટ ) મુખીવાસ,અડાલજ, તા.અને જીલ્લો:ગાંધીનગર. | ૩ થી ૪ |
| ૩ | ગજ્જર લીના રમેશચંદ્ર | ડ્રેસ મેકિંગ | ધંધો ( ટ્રેડીશનલ ડ્રેસનો મોટો વ્યવસાય ) બ્લોક નંબર-551/1,સેક્ટર -21, મહાવીર નગર સોસાયટી, ગાંધીનગર. | ૨.૫ |
| ૪ | વિશ્વકર્મા મિતુ રામદુલાર | ડ્રેસ મેકિંગ | ધંધો ( બુટિક ખોલેલ છે. ક્રિએટિવ વર્ક અને લેડિઝ ગારમેન્ટ તૈયાર કરે છે.) ૬૨/ગ્રીન પાર્ક-૧,ત્રાગડ રોડ, ચાંદખેડા,અમદાવાદ | ૩ થી ૪ |
| ૫ | વાળંદ દિલીપભાઇ ભરતભાઇ | હેર એન્ડ સ્કીન કેર | ધંધો ( સલુન ) વાળંદ ની ખડકી , સથવારા ની વાડી પાસે, ગોલવકી દરવાજા, વીરમગામ | ૩ થી ૪ |
| ૬ | ટંડેલ સત્યેનકુમાર છબિલદાસ | ઇલેકટ્રિશિયન | નોકરી ( ટેકનિકલ ઇજનેર (ગાંધીનગર ઇનચાર્જ) સોલકર સોલર ઇન્ડસ્ત્રી લિમિટેડ ) ટાઇપ-ઇ-૧/૨ જી.એસ.ઇ.સિ.એલ કોલોની ગાંધીનગર | ૨.૧૬ |
| ૭ | જીગર અરવીંદભાઇ પટેલ | ફિટર | ધંધો ( ન્યુ એરા ઇન્વેસ્ટમેન્ટ ફાઉન્ડ્રી, ચાંગોદર ) બ્લોક નંબર-ડી-૧૧/૧, જી.ઇ.બી.કોલોની ગાંધીનગર | ૧૩ થી ૧૫ |
| ૮ | ઉજ્જ્વલ ગૌતમકુમાર સોનપાલ | હોટલ મેનેજમેંટ ફૂડ પ્રોડક્શન | નોકરી (ફૂડ પ્રોડક્શન વિભાગ ) ડી-૧૧૫, પ્રશાકર સોસાયટી, અમદાવાદ | ૧.૪૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | શ્રીમાળી રાજેન્દ્રકુમાર પ્રભુદાસભાઈ | પેઈન્ટર જનરલ | કોમર્શિયલ આર્ટ પેન્ટિંગ ( આઈ.ટી.આઈ., ગાંધીનગર ) પ્લોટ નં ૫૪/૨ સૂર્યનારાયણ સોસાયટી.સે-૨૫ ગાંધીનગર | ૧.૬૨ |
| ૧૦ | નીપાબહેન હિતેષ્કુમાર આચાર્ય | હોટલ મેનેજમેન્ટ | સ્વતંત્ર ધંધો ( કેટરિંગ ) જી.આઇ.ડી.સી., ગાંધીનગર | ૧ |
| ૧૧ | હર્ષ હિતેષકુમાર આચાર્ય | હોટલ મેનેજમેન્ટ | સ્વતંત્ર ધંધો ( કેટરિંગ ) જી.આઇ.ડી.સી., ગાંધીનગર | ૧ |
| ૧૨ | રવિ આર.પ્રજાપતિ | ફીટર | નોકરી ( મેઇન્ટેનન્સ ઓફીસર ) ક્રિષ્ના કેશવ લેબોરેટરી | ૨.૪ |
| ૧૩ | આલાપ શિરિષકુમાર શાહ | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક | નોકરી ( ન્યૂઝ ચેનલમાં (ઓપરેશન હેડ)) સંદેશ ન્યૂઝ ચેનલ | ૪ |
| ૧૪ | ધ્રુવ કનુભાઈ પટેલ | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક | નોકરી ( ન્યૂઝ ચેનલમાં (આસિ.ટેક્નીશીયન )) સંદેશ ન્યૂઝ ચેનલ | ૧.૫ |
| ૧૫ | રાવળ મહેન્દ્ર રમેશભાઇ | ફીટર | નોકરી ( ટીમ મેમ્બર ફીટર મેઇન્ટેનન્સ ) ટાટા મોટર્સ , સાણંદ | ૩ |
| ૧૬ | નવીનચંદ્ર ભીખાલાલ પટેલ | મશીનીષ્ટ | ધંધો ( તત્વ બેવરેજીજ ) ડભોડા (જિ-ગાંધીનગર) | ૬૦ |
| ૧૭ | ગજ્જર ચેતન ઘનશ્યામભાઈ | ઈલેક્ટ્રીશીયન ( મેડીકલ ઈન્સટુમેન્ટ ) | નોકરી ( વી-મેક્સ ઇમેજીન(સીમેંસ)) અમદાવાદ | ૨.૬ |
| ૧૮ | ગજ્જર મહેશકુમાર વિષ્ણુભાઇ | ઈલેક્ટ્રીશીયન | નોકરી ( જનરલ આસીસ્ટન્ટ ટેકનીશયન ( ઈલેક્ટ્રીકલ )) ઓ.એન.જી.સી.,જી.જી.સી, મોટેરા, અમદાવાદ | ૩ |
| ૧૯ | વિજયકુમાર ચીમનલાલ ગજ્જર | ઈલેકટ્રોનિકસ મિકેનિક | નોકરી ( દૂરદર્શન કેંદ્ર ( લો પાવર ટ્રાંસમીટર ) સચિવાલય- બ્લોક નં -૧૦, ગાંધીનગર ) ૭/એ,ઈન્દ્ર સરકારી સોસાયટી, ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ | ૭ |



નામ- અતુલ શંકરભાઇ પટેલ

સરનામું- ક/૭, માણસા રોડ, ગાંધીનગર

મોબાઇલ નંબર- ૯૮૯૮૭૪૨૮૧૧ , ૯૭૨૨૩૧૦૯૧૨

ટ્રેડ- ફિટર, આઇ. ટી .આઇ., ગાંધીનગર, પાસ વર્ષ- ૨003

ધંધો/નોકરીનું નામ- ઓમ આનંદ ફેબ્રિકેશન

ધંધાનું સ્થળ/નોકરીનું સ્થળ- ક/૭, માણસા રોડ, ગાંધીનગર

વાર્ષિક આવક - અંદાજીત રૂ.૧૫ થી ૨૦ લાખ.

મેં આઇ.ટી.આઇમાં ફીટર ટ્રેડની તાલીમ ૨૦૦૧ થી ૨003 માં લીઘેલ છે. ૨૦૦૪ થી મેં હાઇરલ ઇલેક્ટ્રોનીક્સ પ્રા.લી.ગાંધીનગરમાં એપ્રેંટીસ તરીકે કામ કરેલ છે. ત્યાં મારી પ્રેક્ટીકલ ની સ્કીલ જોઇને મને ૨૦૦૪ થી ૨૦૦૬ સુધી એ જ કંપની માં નોકરી મળેલ હાલ હું ઓમ આનંદ ફેબ્રીકેશન જી.આઇ.ડી.સી. ગાંધીનગર ખાતે પોતાનો સ્વતંત્ર ધંધો ધરાવું છું. હું પોતે સ્વરોજગારી મેળવીને બીજી ૧૫ વ્યક્તિને રોજગારી આપુ છુ. આમ દેશના વિકાસમાં સહયોગ આપી આઇ.ટી.આઇ ના નોલેજ થકી સફળતા મેળવેલ છે અને વાર્ષિક પંદર થી વીસ લાખ રૂપિયા કમાઉ છું. જે ખરેખર આઇ.ટી.આઇ. ની તાલીમ આભારી છે.

**નામ-  રાઠોડ અશ્વિન રવજીભાઇ**



**સરનામું- મુખીવાસ,અડાલજ,તા: જીલ્લો:ગાંધીનગર.**

**મોબાઇલ નંબર-  9904031009**

**ટ્રેડ- ડ્રેસ મેકિંગ**

**ધંધો/નોકરીનું નામ- ક્લાસિકલ ડ્રેસ, જેન્ટસ અને લેડીઝ ગારમેન્ટ**

**ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ -  અડાલજ**

**વાર્ષિક આવક- રૂ.3 થી ૪ લાખ. વર્ષ 2015 મા બેંકેબલ યોજનામાં લોન મળેલ છે.**

મેં આઇ.ટી.આઇ.માં  ડ્રેસ મેકીંગ ટ્રેડમાં તાલીમ લઇને મે સફળતા મેળવેલ છે. જે ખરેખર આજે મને ખુબ જ ઉપયોગી નીવડેલ છે. આઇ.ટી.આઇ. પછી તરત જ મેં  "**ક્લાસીક ડ્રેસ , જેન્ટસ એન્ડ લેડીઝ ગારમેન્ટ**" શરૂ કરેલ છે. જેનું રો-મટીરીયલનુ  પણ વેચાણ કરૂ છું અને સિલાઇનું કામ પણ કરાવુછુ. વળી વધારે આનંદ તો એ વાતનો થાય છે કે, હું ભગવાનના વાઘાના સિલાઇ કામ માટે ખાસ પ્રખ્યાત છું. મારે ત્યાંથી લોકો રો-મટીરીયલ લઇને જ લેડીઝ, જેન્ટસ ડ્રેસ તેમજ ભગવાનના વાઘા બનાવડાવે છે. ખરેખર મને આઇ.ટી.આઇ એ રોજી અને સેવાનું કામ પણ આપેલ છે. આજે હું આઇ.ટી.આઇ. ના મારા ગુરુજન તેમજ સરકારનો આભાર માનું એટલો ઓછો છે. આઇ.ટી.આઇ. થી જ મારુ ઉજ્જ્વળ ભવિષ્ય બનેલ છે. આજની તારીખમાં હું વાર્ષિક ૩ થી ૪ લાખ  કમાઉ છુ. અને બીજા ચારેક કારીગરોને પણ રોજી આપુ છુ. ધન્યવાદ



**નામ- ગજ્જર લીના રમેશચંદ્ર**

**સરનામું -બ્લોક નંબર-551/1,સેક્ટર -21, મહાવીર નગર**

**સોસાયટી, ગાંધીનગર.**

**મોબાઇલ નંબર- 7874186115**

**ટ્રેડ- ડ્રેસ મેકિંગ**

**ધંધો/નોકરીનું નામ - ટ્રેડીશનલ ડ્રેસ વેચાણનો મોટો વ્યવસાય**

**ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ- ગાંધીનગર**

**વાર્ષિક આવક – રૂ. 2,50,000**

હું ઔદ્યોગિક તાલીમ સંસ્થાનાં તાલીમાર્થી કુ.ગજ્જર લીના રમેશચંદ્ર ૨૦૧૨-૧૩ વર્ષ માં ડ્રેસ મેકીંગ ટ્રેડની તાલીમાર્થીની હતી. ત્યારબાદ મેં મેળવેલ સ્કીલ દ્વારા પોતાનો સ્વતંત્ર વ્યવસાય કરવાનો નિર્ણય કર્યો. હું હાલમાં ગાંધીનગર દ્વારા ટ્રેડીશનલ ડ્રેસ વેચાણનો મોટો વ્યવસાય ધરાવું છું. મેં પોતાના આત્મવિશ્વાસ અને કૌશલ્યથી સ્વરોજગારી ઉભી કરેલ છે

આવી રીતે ઘર આંગણે જ સ્વરોજગારી ઉભી કરીને વર્ષે આશરે રૂ. ૨ થી ૨.૫ લાખ કમાઉ છુ. જે આઇ.ટી.આઇ. અને સરકારને આભારી છે.

.

નામ- વિશ્વકર્મા મિતુ રામદુલાર



**સરનામું -** ૬૨/ગ્રીન પાર્ક-૧, ત્રાગડ રોડ,ચાંદખેડા,અમદાવાદ

**મોબાઇલ નંબર-**:૮૭૩૪૮૭૮૪૭૦

ટ્રેડ- ડ્રેસ મેકિંગ

**ધંધો/નોકરીનું નામ-** બુટિક સેન્ટર ખોલેલ છે. ક્રિએટિવ વર્ક અને લેડિઝ ગારમેન્ટ તૈયાર કરે છે.

**ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ-** ચાંદખેડા, અમદાવાદ

**વાર્ષિક આવક-** રૂ. ૩,00,000

હું કું. મીતુ રામદુલાર વિશ્વકર્મા ઔધોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર ખાતે વર્ષ ૨00૨ થી વર્ષ ૨00૩ સુધી ડ્રેસ મેકિંગ ટ્રેડમાં તાલીમ લીધેલ હતી. મે વર્ષ ૨00૩માં આઈ.ટી.આઈ પાસ કરી પોતાનો સ્વતંત્ર વ્યવસાય ઘર આંગણેજ શરૂ કરવાનું નક્કી કર્યું. હાલમાં હું ગાંધીનગર ખાતે લેડીઝ ગારમેન્ટનો વ્યવસાય કરું છું અને તેમાં મને સારી એવી સફળતા મળેલ છે. અને રૂ. ૩ થી ૪ લાખ રૂપિયા જેટલી વાર્ષિક આવક પણ થાય છે. વિશેષ માં હું ક્રિએટીવ વર્કના તાલીમ વર્ગો પણ ચલાવું છું. જેમાં એક બેચમાં પંદર તાલીમાર્થીઓની સંખ્યા હોય છે. આ રીતે હું અન્ય તાલીમાર્થીઓને પગભર થવા માટેનું પ્રેરક બળ પૂરૂ પાડું છું. તેમજ તેમના આત્મવિશ્વાસમાં વધારો થાય અને આર્થિક રીતે સફળતા મેળવે તેવી મારી હાર્દિક ઈચ્છા છે.

નામ- વાળંદ દિલીપભાઇ ભરતભાઇ



સરનામું - વાળંદ ની ખડકી , સથવારા ની વાડી પાસે,

ગોલવકી દરવાજા, વીરમગામ

મોબાઇલ નંબર- ૯૮૯૮૬૭૬૩૪૪

ટ્રેડ- હેર એન્ડ સ્કીન કેર

ધંધો/નોકરીનું નામ- સલુન

ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ- વિરમગામ

વાર્ષિક આવક- રૂ. ૪,૦૦,૦૦૦

હું વાળંદ દિલીપભાઈ ભરતભાઈ વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૨ સુધી આઈ.ટી.આઈ ગાંધીનગર ખાતે હેર એન્ડ સ્કિન કેર ટ્રેડમાં તાલીમ લીધેલ હતી. આઈ.ટી.આઈ પાસ કરી ને મે છેલ્લા ચાર વર્ષથી વિરમગામ ખાતે પોતાનો સ્વતંત્ર વ્યવસાય ચાલું કરેલ છે. હાલમાં વિરમગામ માં સૌથી પ્રતિષ્ઠિત સલુન તરીકે નામના મેળવેલ છે. અને રૂપિયા ૩ થી ૪ લાખ વાર્ષિક આવક ધરાવું છું.

વિશેષમાં મે ગુજરાત સરકાર દ્વારા માર્ચ ૨૦૧૫ માં GMDC GROUND, અમદાવાદ ખાતે યોજાયેલ બ્યુટી કોન્ટેસ્ટમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં દ્વિતિય સ્થાને રહી રૂપિયા ૫૦,૦૦૦/- નો પુરસ્કાર મેળવેલ છે.

અન્ય તાલીમાર્થીઓ પણ આ રીતે સફળતા મેળવે એવી ઈચ્છા ધરાવું છું.



**નામ-** ટંડેલ સત્યેનકુમાર છબિલદાસ

**સરનામું -** ટાઇપ-ઇ-૧/૨ જી.એસ.ઇ.સી.એલ કોલોની, ગાંધીનગર

**મોબાઇલ નંબર-** ૯૫૫૮૮૧૪૮૪૭

**ટ્રેડ-** ઇલેકટ્રિશિયન આઇ. ટી .આઇ. ગાંધીનગર

**ધંધો/નોકરીનું નામ -** ટેકનિકલ ઇજનેર (ગાંધીનગર ઇનચાર્જ) હાલ

**ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ-** સોલકર સોલર ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

**વાર્ષિક આવક-** રૂ. ૨,૨૦,૦૦૦/-

હું સત્યેન કુમાર છબીલદાસ, ઔધોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર ખાતે સત્ર ઓગસ્ટ ૨૦૦૦ થી જુલાઈ ૨૦૦૨ દરમિયાન ઈલેક્ટ્રીશયન ટ્રેડમાં તાલીમ લીધેલ છે. ત્યારબાદ મે થર્મલ પાવર સ્ટેશન ગાંધીનગર ખાતે એપ્રેન્ટીસશિપ વર્ષ ૨૦૦૫ માં કરેલ હતી. ત્યારબાદ મે H R Electrical કંપનીમાં કલોલ ખાતે ટેક્નીશીયન (મોબાઈલ રીપેરીંગ તરીકે) રૂપિયા ૮૫૦૦/- ના પગારથી ૪ વર્ષ નોકરી કરી અનુભવ મેળવેલ છે. સદર નોકરી દરમિયાન મે ઈલેક્ટ્રીકલ બ્રાંચ માં, પાર્ટ ટાઈમ ડીપ્લોમા પણ પાસ કરેલ છે. હાલ છેલ્લા ચાર વર્ષથી સોલાર પાવર સ્ટેશન ગાંધીનગર ખાતે ટેક્નિકલ એન્જિનયર ઈન્ચાર્જ તરીકે માસિક રૂપિયા ૧૮૦૦૦ પગાર સાથે મારી ફરજ બજાવી રહ્યો છું.

આઈ.ટી.આઈ માં તાલીમ લેવાના કારણે હું મારી ઉજ્જવળ કારકિર્દી બનાવી શક્યો છું. અને તેનો પાયો આઈ.ટી.આઈ જ છે. આજે હું જે આર્થિક સામાજીક પગભર થયેલ છું. તેમાં આઈટીઆઈ નો મહત્વ નો સિંહ ફાળો છે. અને ભવિષ્યમાં હું આપણા વડાપ્રધાન શ્રી ના ‘મેક ઈન ઈન્ડિયા’ ના સપનામાં સહભાગી થઈ સાકાર કરવા માંગુ છું.

નામ- જીગર અરવિંદભાઇ પટેલ



સરનામું- બ્લોક નંબર-ડી-૧૧/૧, જી.ઇ.બી.કોલોની, ગાંધીનગર

મોબાઇલ નંબર- ૮૪૮૮૮૯૮૮૮૩

ટ્રેડ- ફિટર (૨૦૦૧ થી૨૦૦૩), ડી.એમ.ઇ. (૨૦૦૩ થી ૨૦૦૭)

ધંધો/નોકરીનું નામ- અલસ્ટ્રોમ પ્રોજેક્ટ લિમીટેડ (૨૦૦૩ થી ૨૦૦૭)

ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ- ૧. ન્યુ એરા ઇન્વેસ્ટમેન્ટ ફાઉંડેશન, ચાંગોદર

૨. રુદ્રા ઇન્ડસ્ટ્રીઝ ,નરોડા

૩. પટેલ કંસ્ટ્રક્શન ,નવરંગપુરા, અમદાવાદ

વાર્ષિક આવક: રૂ. ૧૩ થી ૧૫ લાખ

મેં ૨૦૦૧ થી ૨૦૦૩ માં આઇ.ટી.આઇ.માં ફીટર ટ્રેડમાં તાલીમ લીધેલ. જે ખરેખર આજે મને ખુબ જ ઉપયોગી નીવડેલ છે. આઇ.ટી.આઇ. ની તાલીમ પછી તરત જ મને અલસ્ટ્રોમ પ્રોજેક્ટ લિમીટેડ માં સારી જોબ મળી ગઇ. ત્યાં ચારેક વર્ષ જોબ કર્યા પછી મેં મારો પોતાનો બીઝનેસ **''ન્યુ એરા ઇન્વેસ્ટમેન્ટ ફાઉન્ડ્રી ચાંગોદર''** શરૂ કર્યો. વળી હું નરોડામાં પણ રૂદ્ર ઇન્ડસ્ટ્રીઝ ચલાવુ છુ અને કાસ્ટીંગ પ્રોડ્કશન કરુ છુ. હાલમાં હું વાર્ષિક રૂ. ૧૩ થી ૧૫ લાખ કમાઉ છુ. અને બીજા ૫૦ (પચ્ચાસ) કારીગરોને પણ રોજી આપુ છુ. આઇ.ટી.આઇ. માંથી મને પ્રેરણા મળેલ કે, વિદ્યા દાન કરવું જોઇએ આ સંબંધે હાલ હું **" ઉજ્જવલ ભવિષ્ય ફાઉન્ડેશન "** સ્કૂલ એક સેવા અને વિદ્યાદાનની ઉમદા ભાવનાથી ચલાવુ છુ. ખરેખર આઇ.ટી.આઇ. માંથી મને રોજ્ગાર, સેવા અને દાન નો ત્રિવેણી સંગમની પ્રેરણા મળેલ છે. આથી હું આઇ.ટી.આઇ. ના ગુરુજનો અને રાજ્ય સરકારનો હંમેશા ઋણી રહીશ.

**નામ-** ઉજ્જ્વલ ગૌતમકુમાર સોનપાલ



**સરનામું-** ડી-૧૧૫, પ્રશાકર સોસાયટી, અમદાવાદ

**મોબાઇલ નંબર-** ૮૮૬૬૮૦૯૨૨૯ -

**ટ્રેડ-** હોટલ મેનેજમેંટ (ફૂડ પ્રોડક્શન)

**ધંધો/નોકરીનું નામ-** ફૂડ પ્રોડક્શન વિભાગ

**ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ-** ખાનગી

**વાર્ષિક આવક-** રૂ. ૧,30,000

મેં આઇ.ટી.આઇ ગાંધીનગર ખાતે ફૂડ પ્રોડક્શનનો કોર્ષ કર્યો હતો. હું હાલમાં એક ખાનગી કંપનીમાં નોકરી કરું છું. ઘણી વખત હું ઓવર ટાઈમ કરી માસિક રૂ.૧૨,000 ની આવક મેળવી લઉંછું.

નામ- શ્રીમાળી રાજેન્દ્રકુમાર પ્રભુદાસભાઈ



સરનામું-પ્લોટ નં ૫૪/૨ સૂર્યનારાયણ સોસાયટી. સે-૨૫,

ગાંધીનગર

મોબાઇલ નંબર- ૯૩૨૮૨૩૮૩૧૩

ટ્રેડ- પેઈન્ટર જનરલ

ધંધો/નોકરીનું નામ- કોમર્શિયલ આર્ટ પેન્ટિગ

ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ - આઈ.ટી.આઈ.ગાંધીનગર

વાર્ષિક આવક – રૂ. ૧,૬૨,૦૦૦

હું શ્રીમાળી રાજેન્દ્રકુમાર પ્રભુદાસભાઈ વર્ષ ૧૯૯૦ થી ૧૯૯૨ સુધી ઔધોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર ખાતે પેઈન્ટર ટ્રેડમાં તાલીમ લીધેલ હતી. આઈ.ટી.આઈ પાસ કર્યા બાદ હું આર્મી મેડીકલ કોર્ષમાં પેઈન્ટર તરીકે પસંદ થયેલ.

સરકારી તેમજ પ્રાઈવેટ કોન્ટ્રાક્ટથી સાઈન બોર્ડ, બેનર, પોટ્રેઈટ, વેસ્ટમાંથી બેસ્ટ કૃતિઓ, તેમજ અન્ય કૃતિઓ બનાવીને કામ કરેલ છે. તેમજ મારા પેઈન્ટિંગ કાર્ય માટે ગુજરાતી ફિલ્મના કલાકાર શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી એ મને બિરદાવેલ છે. ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકાર શ્રી હેમંત ચૌહાણ તેમજ માજી મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ તથા માનનીય મંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા તેમજ હાલના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ પણ મારા દ્વારા બનાવેલી કૃતિઓને બિરદાવેલ છે. ઉપરાંત શાંતિનિકેતન સ્કુલમાં વેકેશન માં ચિત્ર શિક્ષક તરીકે મે ત્રણ વર્ષ સેવા આપેલ છે. તેમજ ગીફ્ટ સીટી ખાતે મોબાઈલ કેવીકેમાં આમંત્રિત વ્યાખ્યાતા તરીકે છ મહીના તરીકે સેવા આપેલ છે. હાલમાં આઈ.ટી.આઈ ગાંધીનગર માં આમંત્રિત વ્યાખ્યાતા તરીકે બે વર્ષથી સેવા આપુ છું.



નામ- નીપાબહેન હિતેષ્કુમાર આચાર્ય

સરનામુ – જી.આઇ.ડી.સી. ગાંધીનગર

મોબાઇલ નંબર- ૯૦૯૯૯૫૯૨૮૭

ટ્રેડ- હોટલ મેનેજમેન્ટ

ધંધો/નોકરીનું નામ- ગાંધીનગર

ધંધાનુ સ્થળ/નોકરીનું સ્થળ - સ્વતંત્ર ધંધો

વાર્ષિક આવક – રૂ. ૧00000

મેં આઇ ટી આઈ, ગાંધીનગર ખાતે હોટલ મેનેજમેન્ટ ના કોર્ષ કરેલ છે. પરંતુ સરકારી સંસ્થામાં મોટી ઉંમરે પણ પ્રવેશ મળતો હોવાથી મે પણ હોટલ મેનેજમેન્ટ ના કોર્ષમાં પ્રવેશ લઇ, તાલીમ પૂર્ણ કરી, કોર્સ પાસ કર્યા બાદ હું અને મારા પુત્ર સાથે બહારના કેટરીંગના ઓર્ડર લઇને વર્ષે રૂ. ૧,00,000 ની કમાણી કરી લઉં છું.

નામ- હર્ષ હિતેષકુમાર આચાર્ય



સરનામું- જી.આઇ.ડી.સી. ગાંધીનગર

મોબાઇલ નંબર- ૯૦૯૯૯૫૯૨૮૭

ટ્રેડ- હોટલ મેનેજમેન્ટ

ધંધો/નોકરીનું નામ- સ્વતંત્ર ધંધો

ધંધાનુ સ્થળ/નોકરીનુ સ્થળ- જી.આઇ.ડી.સી., ગાંધીનગર

વાર્ષિક આવક - રૂ. ૧,00,000

મેં આઇ ટી આઈ, ગાંધીનગર ખાતે ફૂડ પ્રોડક્શનના ટ્રેડ માં પ્રવેશ લીધો હતો . અને આ કોર્ષ કર્યા બાદ હુ અને મારી માતા સાથે મળીને બહારના કેટેરીંગના ઓર્ડર લઇને વર્ષે રૂ. ૧,00,000 ની કમાણી કરી લઈએ છીએ. હુ હાલમાં બી.એસ.સી નો અભ્યાસ કરુ છુ અને મારા ભણતર નો ખર્ચ પણ મારા ધંધામાંથી કાઢુંછું.



નામ- રવિ આર. પ્રજાપતિ

સરનામુ- ૧૧/નાથાલાલ પાર્ક, એસ.વી.સ્કુલની સામે, કડી.

મોબાઇલ નંબર- ૯૦૯૯૯૧૭૩૮૨, ૭૮૦૨૮૪૨૧૪૭

ટ્રેડ- ફીટર ટ્રેડ, પાસ કર્યા વર્ષ – ૨૦૧૦

ધંધો/નોકરીનુ નામ - મેઇન્ટેનન્સ ઓફીસર

ધંધાનું સ્થળ/નોકરીનું સ્થળ - ક્રિષ્ના કેશવ લેબોરેટરી

વાર્ષિક આવક – રૂ. ૨,૪૦,૦૦૦/-

મેં આઇ.ટી.આઇ માં ફીટર ટ્રેડની તાલીમ ૨૦૧૦માં લીધી, ત્યારબાદ ૨૦૧૧ થી એશીયા મોટર વર્કસ કચ્છ-ભૂજ ખાતે ફીટર તરીકે સેવા આપેલ છે. ત્યારબાદ ૨૦૧૫ માં ક્રિષ્ના કેશવ લેબોરેટરી, અમદાવાદ ખાતે મેઇન્ટેનન્સ ઓફીસર તરીકે સેવા આપેલ છે. અને ત્યારબાદ હાલ હું ટોઇકા ફાર્માસ્યુટીકલ લી.કંપનીમાં મેઇન્ટેનન્સ ઓફીસર તરીકે સેવા આપુ છું. અને મારા હાથ નીચે હાલ ૧૦ કારીગરો અને હેલ્પર કામ કરે છે. હું વાર્ષિક અઢી થી ત્રણ લાખની આવક મેળવું છું. જે મને આઇ.ટી.આઇ ના પ્રેક્ટીકલના જ્ઞાન વડે ખુબ મદદરૂપ થયેલ છે. જે ખરેખર આઇ.ટી.આઇ. ને આભારી છે.

## નામ - આલાપ શિરિષ કુમાર શાહ



## સરનામુ- બી-૨૦૬, સમરણ એપાર્ટમેન્ટ, વેજલપુર

## અમદાવાદ

## મોબાઇલ નંબર- ૯૯૦૯૯૮૯૭૬૧

## ટ્રેડ- ઈલેક્ટ્રોનિક્સ-મિકેનિક, પાસ વર્ષ - 2005

## ધંધો/નોકરીનુ નામ - ન્યૂઝ ચેનલમાં (ઓપરેશન હેડ)

## ધંધાનુ સ્થળ/નોકરીનુ સ્થળ : સંદેશ ન્યૂઝ ચેનલ

## વાર્ષિક આવક – રૂ. ૪,૦૦,૦૦૦

મે વારસાગત બિઝનેસ સંભાળવા કરતા પોતાની કોઠાસૂઝ અને પોતાની પસંદગીથી અલગ જ કંઈક કરવાના વિચાર સાથે એસ.એસ.સી પાસ કર્યા બાદ આઈ.ટી.આઈ ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક ટ્રેડ્ને પોતાની શિક્ષણકેડી બનાવી. પસંદગીનો વિષય તો પહેલેથી હતો જ અને ટેકનિકલ કોઠાસૂઝ પણ હતી. પોતાની મહેનત અને ધગશ સાથે જ સાલ 2005માં ડિસ્ટિંક્શન મેળવ્યું. ત્યારબાદ એપ્રેન્ટિસ માટે ગાંધીનગર બાયસેગમાં એસોસિએટ ટેકનિકલ તરીકે રૂ. 2700 સ્ટાઈપેન્ડ સાથે કામ કર્યું. એપ્રેન્ટિસની પરિક્ષા પાસ કર્યા બાદ બાયસેગમાં જ કર્મચારી તરીકે રૂ. 5500 માસિક વેતન સાથે કારકિર્દીની શરુઆત કરી.

દરેક નાની શરુઆત કોઈ મોટા સપના સાથે થાય છે અને આવું જ કંઈક મારી સાથે બન્યું. બાયસેગમાં એક વર્ષ સુધી કઠોર મહેનત સાથે પોતાનું એક અલગ નામ બનાવ્યા બાદ એક દિવસ મારા પર એક ગુજરાતી ન્યૂઝ ચેનલ ટીવી 9 માંથી ફોન કૉલ આવ્યો અને મને આ ચેનલ માટે અસોસિએટ ટેકનિકલની પોસ્ટ પર સિલેક્શન થયું. કમાણીમાં ભલે 1500 રુપિયાનો નજીવો વધારો મળ્યો પરંતુ આ નોકરીએ આગળની સફળતાની

કેડી પરના તમામ અવરોધો દૂર કર્યા. વર્ષ 2007 માં 7000 રુપિયા માસિક વેતન સાથે શરુ કરેલી સફળતાની સફર 2012 માં પહોંચી 17000 રુપિયા સુધી. પ્રમોશન પણ મળ્યું પ્રોડક્શન કંટ્રોલરુમ ઈન્ચાર્જ તરીકે હાથ નીચે 10 અન્ય કર્મચારીઓનો સ્ટાફ પણ હતો જેમાં મેં આઈ.ટી.આઈ ના જ પોતાના અન્ય સાથીદારોને સામેલ કર્યા. જેઓ પણ અત્યારે સારો પગાર મેળવે છે.

પાંચ વર્ષનો સમયગાળો ટીવી ૯ માં વિતાવ્યા બાદ, વર્ષ 2012થી સફળતાનું શિખર સર કરી સંદેશ ન્યૂઝ ચેનલમાં ઓપરેશન હેડની પોસ્ટ પર વાર્ષિક લગભગ 4 લાખ રુપિયા પગાર મેળવુંછું..

મારી કારકિર્દી બનાવવાની સાથે સાથે આઈ.ટી.આઈ ના અન્ય વિદ્યાર્થીઓને પણ તેમની કિસ્મત ચમકાવવાની તક આપી છે. અને આપતો રહીશ, કહેવાય છે કે જ્ઞાનનું જેટલું આદાન-પ્રદાન કરો એટલું જ્ઞાન વધે છે બસ આ જ સૂત્રને હું પોતાના જીવનમાં ઉતારીને ચાલી રહ્યો છું.

આઇ.ટી.આઈ.નો સહકાર અમૂલ્ય રહ્યો છે. અને મારી સફળતાનો શ્રેય આઇ.ટી.આઈ. તેમજ મારા માતા-પિતાને આપુ છું.

નામ- ધ્રુવ કનુભાઈ પટેલ



સરનામુ- ૭૦/અલ્કાપુરી સોસાયટી, ઘાટલોડીયા, અમદાવાદ

મોબાઇલ નંબર- ૯૭૮૩૧૨૩૩૪૭

ટ્રેડ- ઈલેક્ટ્રોનિક્સ-મિકેનિક

ધંધો/નોકરીનુ નામ - ન્યૂઝ ચેનલમાં (આસિ.ટેક્નીશીયન )

ધંધાનુ સ્થળ/નોકરીનુ સ્થળ - સંદેશ ન્યૂઝ ચેનલ

વાર્ષિક આવક – રૂ. ૧,૫૦,૦૦૦

મે પિતાનો વારસાગત વ્યવસાય છોડીને આઈ. ટી.આઈમાં એડમીશન લેવા પાછળનું મુખ્ય કારણ ગણો તો ટેકનિકલ બાબતોમાં વધારે રસ ગણી શકાય. એસ.એસ.સી પાસ કર્યા બાદ પહેલેથી વિચાર્યા પ્રમાણે આઇ.ટી.આઈની તાલીમ મેળવવાનું શરુ કર્યું. પોતાની પૂરી ઈચ્છાશક્તિ અને મહેનત દ્વારા પોતાનું એક અલગ સ્થાન બનાવવાના સપનાને આઈ.ટી.આઈ ઈલેક્ટ્રોનિક્સ મિકેનિકની તાલીમ ડિસ્ટિંક્શન સાથે પૂર્ણ કરી.

આઈ.ટી.આઈની તાલીમ મેળવ્યા બાદ એપ્રેન્ટિસ માટે, ગાંધીનગર બાયસેગમાં, એસોસિએટ ટેકનિકલ તરીકે 2700 રુપિયા સ્ટાઈપેન્ડ સાથે કામ કર્યું. એપ્રેન્ટિસની પરિક્ષા પાસ કર્યા બાદ બાયસેગમાં જ કર્મચારી તરીકે 7000 રુપિયા માસિક વેતન સાથે કારકિર્દીની શરુઆત કરી. ત્યારબાદ આ તાલીમ જ મદદરુપ બની સંદેશ ન્યૂઝ ચેનલમાં સિનિયર એસોસિએટ ટેકનિકલ તરીકે જોડાવા માટે. 13000 રુપિયા માસિક વેતન સાથે સંદેશમાં હું પોતાની ફરજ બજાવી રહ્યા છે. વેતનમાં બમણા વધારા સાથે તેમણે પોતાની કારકિર્દીનું આગળનું સોપાન નાની ઉંમરમાં જ સર કર્યું છે.

પોતાની સફળતા માટે હું આઈ.ટી.આઈ, ગાંધીનગર તથા રાજ્ય સરકાર નો આભારી છે.

નામ- રાવળ મહેન્દ્ર રમેશભાઇ



સરનામુ- મુ.પો-ખરણા, તા-માણસા, જી-ગાંધીનગર

મોબાઇલ નંબર- ૯૯૧૩૭૧૯૮૧૬

ટ્રેડ- ફીટર

ધંધો/નોકરીનુ નામ- ટીમ મેમ્બર ફીટર મેઇન્ટેનન્સ

ધંધાનુ સ્થળ/નોકરીનુ સ્થળ- ટાટા મોટર્સ, સાણંદ

વાર્ષિક આવક – રૂ. 3,00,000

મેં આઇ.ટી.આઇમાં ફીટર ટ્રેડની તાલીમ વર્ષ ૨૦૧૦ માં લીધી. વર્ષ ૨૦૧૧ માં મેં ટાટા મોટર્સ, સાણંદ ટીમ મેમ્બર ફીટર મેઇન્ટેનન્સ તરીકે કામ કરેલ છે. વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૩ સુધી ટાટા મોટર્સ , સાણંદ માં ફીટર તરીકે કામ કરેલ છે વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૪માં ટાટા મોટર્સમાં ટીમ મેમ્બર તરીકે કામ કરેલ છે. ૨૦૧૫ થી ફોર્ડ મોટર્સ ઇન્ડિયા પ્રા.લી. સાણંદ ખાતે ટીમ મેમ્બર તરીકે કાયમી કર્મચારી તરીકે કામ કરેલ છે. હાલ મારી ટીમમાં કુલ-૪૦ કર્મચારી કામ કરે છે. હાલ હું વાર્ષિક ત્રણ લાખ સુધીનો પગાર મેળવુ છું.



**નામ- નવીનચંદ્ર ભીખાલાલ પટેલ**

**સરનામુ- ઇશ્વરકુંજ ફાર્મ, ડભોડા,  જી.- ગાંધીનગર**

**મોબાઇલ નંબર- ૯૪૨૬૩૬૭૧૦૮**

**ટ્રેડ- મશીનીષ્ટ**

**ધંધો/નોકરીનુ નામ - તત્વ બેવરેજીજ (સ્વતંત્ર પ્લાન્ટ)**

**ધંધાનુ સ્થળ/નોકરીનુ સ્થળ - ડભોડા (જી.ગાંધીનગર)**

**વાર્ષિક આવક – રૂ. ૬૦,૦૦,૦૦૦**

હું નવીનચંદ્ર ભીખાલાલ પટેલ, આઇ.ટી.આઇ., ગાંધીનગર ખાતે વર્ષ ૧૯૮૬-૧૯૮૭ માં મશીનીષ્ટ ટ્રેડમાં તાલીમ લીધેલ હતી. મેં આઇ.ટી.આઇ પાસ કર્યા પછી વાપી ખાતે ડાય બનાવવાની કંપનીમાં ચાર વર્ષ નોકરી કરી હતી. ત્યારબાદ પોતાનું નાનું કારખાનું શરૂ કર્યું.

ત્યારબાદ આ કારખાનાના અનુભવથી પોતાનો તત્વ બેવરેજીજ નામે સ્વતંત્ર પ્લાન્ટ ડભોડા (જી.-ગાંધીનગર) ખાતે હાલમાં કાર્યરત છે આ પ્લાન્ટમાં મીનરલ વોટરની પાણી ભરેલી બોટલો બનાવે છે.

આ પ્લાન્ટમાં પ્લાસ્ટીકની બોટલો બનાવવાની , તેનું વૉશીંગ, તેમાં પાણી ભરવાનું અને તેનું પેકેજીંગ, પ્રીન્ટીંગ, મીનરલ વૉટર તૈયાર કરવું વિગેરે તમામ કાર્યો આ પ્લાન્ટમાં કરવામાં આવે છે.

મારી એક ઇચ્છા હતી કે ગુજરાતના લોકો ને હું શુધ્ધ પાણી પીવડાવું તેવા મનોરથ સાથે આ પ્લાન્ટ નાખવામાં આવેલ છે. આ પ્લાન્ટ થકી હું બીજા ૨૫ માણસોને રોજગારી આપી રહ્યો છું. મારી કંપનીનું વાર્ષિક ટર્ન ઓવર રૂ!.૬૦,૦૦,૦૦૦/- છે.

નામ: ગજ્જર  ચેતન ઘનશ્યામભાઈ



સરનામુ: C- 102 ,રાધીકા રેસીડન્સી, B/5,  વન્દેમાતરમ

ફ્લેટ, ન્યુ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦

મોબાઇલ નંબર- ૯૪૨૬૩૪૭૦૮૯

ટ્રેડ- ઈલેક્ટ્રીશીયન ( મેડીકલ ઈન્સટુમેન્ટ )

ધંધો/નોકરીનુ નામ - વી-મેક્સ ઇમેજીન(સીમેંસ)

ધંધાનુ સ્થળ/નોકરીનુ સ્થળ - અમદાવાદ

વાર્ષિક આવક – રૂ.૨,૬૦,૦૦૦

મેં આઇ.ટી.આઇ, ગાંધીનગર ખાતે મેડીકલ ઇન્સ્ટ્રુમેન્ટ ટ્રેડની ૨૦૧૧માં તાલીમ મેળવી છે. વી મેક્સ ઇમેજીન (SIEMENS) અમદાવાદ ખાતે  ફરજ બજાવું છું અને વાર્ષિક ત્રણ લાખની આવક મેળવું છું. જે ખરેખર આઇ.ટી.આઇ. ની તાલીમને  આભારી છે.

**નામ- ગજ્જર મહેશકુમાર વિષ્ણુભાઇ**

**સરનામુ-** ૨, સ્નેહકુંજ  સોસાયટી , ST વર્કશોપ પાસે,  હાઈવે  રોડ , કલોલ

**મોબાઇલ નંબર-** ૯૪૨૮૫૧૪૯૯૩

**ટ્રેડ-** ઈલેક્ટ્રીશીયન

**ધંધો/નોકરીનુ નામ - જનરલ આસીસ્ટન્ટ ટેકનીશયન ( ઈલેક્ટ્રીકલ )**

**ધંધાનુ સ્થળ/નોકરીનુ સ્થળ - ઓ.એન.જી.સી., જી.જી.સી, મોટેરા, અમદાવાદ**

**વાર્ષિક આવક – રૂ. ૩,00,000**

મેં વર્ષ ૨૦૦૨માં આઇ.ટી.આઇ, ગાંધીનગર ખાતે ઇલેક્ટ્રીશીયન ટ્રેડમાં તાલીમ લીધેલ ત્યારબાદ ડીસ્ટન્સ લર્નીંગમાં ડીપ્લોમા ઇલેક્ટ્રીકલ એન્જીનયરીંગ પાસ કરેલ છે. હાલ હું ઓ.એન.જી.સી., મોટેરા ખાતે જુ.આસિસ્ટન્ટ ટેક્નીશીયન (ઇલેક્ટ્રીકલ) તરીકે ફરજ બજાવું છું. હાલ મારી રૂ. ૩,00,000 જેટલી આવક મેળવું છું. જે ખરેખર આઇ.ટી.આઇ.ની તાલીમનેઆભારી છે.



નામ :- વિજયકુમાર ચીમનલાલ ગજ્જર

સરનામું:- ૭/એ,ઈન્દ્ર સરકારી સોસાયટી,

ગુરુકુળ રોડ, મેમનગર, અમદાવાદ

મોબાઇલ નંબર:- ૯૪૨૭૦૦૬૮૨૮, ૦૭૯-૨૭૪૮૪૯૨૬

ટ્રેડ:- ઈલેકટ્રોનિકસ મિકેનિક, બેચ નં -૪૨ ( ૧૯૮૪-૧૯૮૬ )

નોકરી:- દૂરદર્શન કેંદ્ર ( લો પાવર ટ્રાંસમીટર )

સચિવાલય- બ્લોક નં -૧૦, ગાંધીનગર.

વાર્ષિક આવક :- રૂપિયા ૭,૦૦,૦૦૦/-

એપ્રેન્ટીશીપ :– ઇસરો – અમદાવાદમાં - ૧૯૮૯.

ડીપ્લોમા:- ઇલેક્ટ્રીકલ – ૧૯૯૬

અત્યારે હું દૂરદર્શન કેન્દ્ર ખાતે એન્જીનીયરીંગ આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવું છું. આ પહેલા ૧૯૯૨ થી ૨૦૦૩ સુધી આકાશવાણી અમદાવાદમાં નોકરી કરતો હતો. આ દરમ્યાન નેશનલ ગેમ કવરેજ કરવા માટે કોલંબો, શ્રીલંકા પણ જઇ આવેલ છું. તેમજ બ્રોડકાસ્ટ ટેક્નોલોજીની ત્રણભાષાની ડીક્શનરી માટે ગુજરાતી અનુવાદ કરવા માટે પેનલમાં પણ સામેલ કરવામાં આવેલ છે. તેમજ એસોસીએશન એક્ટીવીટીમાં ગુજરાત સ્ટેટ સેક્રેટરી તરીકે કાર્યભાર સંભાળુ છું. કારકીર્દીના પાયામાં ITI GANDHINAGAR નો મુખ્ય ફાળો છે.

Email id:- vijaygujjar.air@gmail.com